૯, ફેબ્રુઆરી ૨૦૨૩




**"વન ડીસ્ટ્રીક વન પોડકટ" અંતર્ગત જામનગરને નિકાસ ક્ષેત્રે હબ બનાવવા અંગે યોજાયેલ અવરનેશ સેમીનારમાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ તથા ફીઓના કન્વીનરશ્રી પાર્થભાઈ ગણાત્રા ઉપસ્થિત રહેલ...**

ફેડરેશન ઓફ ઈન્ડિયન એક્ષપોર્ટ ઓર્ગોનાઈઝેશન, જામનગર જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાના સંયુકત ઉપક્રમે "વન ડિસ્ટ્રીકટ વન પ્રોડકટ" અંતર્ગત બાંધણી અને બ્રાસ પ્રોડકટ ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરી જામનગરને નિકાસક્ષેત્રે હબ બનાવવા અંગે અવરનેશ સેમીનારનું તા.૨–૨–૨૦૨૩ ના રોજ આયોજન કરવામાં આવેલ. જેમાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ તથા ફીઓના કન્વીનરશ્રી પાર્થભાઈ ગણાત્રા, જોઈન્ટ ડીજીએફટીશ્રી જે.એમ. બીસ્નોઈ, જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર–જામનગરના મેનેજરશ્રીમતી શોભનાબેન રાઠોડ, જામનગર ચેમ્બરના પ્રમુખશ્રી બિપેન્દ્રસિંહ જાડેજા, SBI ના ડીજીએમશ્રી રાજેશકુમાર બેસ્કીયાર, તથા ફીઓના વેસ્ટર્ન રીજીઓનના હેડશ્રી જયપ્રકાશ ગોયેલ ઉપસ્થિત રહી નિકાસકારોને જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ.

સેમીનારમાં ખાસ ઉપસ્થિત રહેલ રાજકોટ ચેમ્બરના ઉપપ્રમુખ તથા ફીઓના કન્વીનરશ્રી પાર્થભાઈ ગણાત્રાએ ઉપસ્થિત તમામ મહાનુભાવોને આવકારેલ. તેમજ હાલના તાજેતરના ટ્રેડ ડેટાની માહિતી આપતા જણાવેલ કે સૌરાષ્ટ્ર નિકાસક્ષેત્રમાં ખુબ જ આગળ ધપી રહયું છે. અહીની વિવિધ આઈટમો વિશ્વના દરેક શહેરોમાં નિકાસ થઈ રહી છે. તેમજ ખાસ કરીને જામનગરની બાંધણી અને બ્રાસ પ્રોડકટ ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરી જામનગર નિકાસક્ષેત્રે હબ બની શકે તે માટે આ અવરનેશ સેમીનાર યોજેલ છે. તેમજ તમામ નિકાસકારોને કોઈપણ સમયસ્યા કે મુશ્કેલીઓ પડતી હોય તો સંપર્ક કરવા પણ જણાવેલ અને તેનું યોગ્ય નિરાકરણ લાવવા ખાત્રી આપેલ.

સેમીનારમાં ઉપસ્થિત મહાનુભાવોએ પોતાના વેપાર–ધંધામાં આયત–નિકાસનું શું મહત્વ છે તેમજ તેનો વિકાસ કઈ રીતે કરી શકાય, સરકારની આયાત–નિકાસ માટેની પ્રોત્સાહીત કરતી વિવિધ યોજનાઓ અને ભવિષ્યમાં નિકાસમાં રહેલ વિપુલ તકો વિગેરેની માહિતી આપી જાણકારી માર્ગદર્શન આપેલ. તેમજ સમગ્ર સેમીનારનું સંચાલન ફીઓના વેસ્ટર્ન રીજીઓન હેડશ્રી જયપ્રકાશ ગોયેલ દ્વારા કરાયેલ. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.